# કોરોના બેકાબૂ : રાજ્યમાં નવા ૩૩૫૦ કેસ

## ૧ વ્યક્તિનું નિધન : કોરોનાની સારવાર બાદ ૨૩૬ લોકો સાજા થયા : ઓમિક્રોનના ૫૦ કેસ પણ સામે આવ્યા છે

ગાંધીનગર, તા.૫

ગુજરાતમાં કોરોનાએ ફરી ચિંતાજનક સ્થિતિ ઉભી કરી દીધી છે. ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં અધધધ રેકોર્ડ ૩૩૫૦ કેસ સામે આવ્યા છે. આ દરમિયાન ૧ વ્યક્તિનું નિધન થયું છે. કોરોનાની સારવાર બાદ ૨૩૬ લોકો સાજા થયા છે.

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકમાં ઓમિક્રોનના ૫૦ કેસ પણ સામે આવ્યા છે. માત્ર અમદાવાદ શહેરમાં ૧૬૩૭ કેસ સામે આવ્યા છે. ગુજરાતના ૨૭ જિલ્લામાં કેસ સામે આવ્યા છે. નવા કેસ સાથે ગુજરાતમાં કુલ સંક્રમિતોનો આંકડો ૮ લાખ ૪૦ હજાર ૬૪૩ પર પહોંચી ગયો છે. રાજ્યમાં કોરોનાની સારવાર બાદ અત્યાર સુધી ૮ લાક ૧૯ હજાર ૫૨૩ લોકો સાજા થયા છે. તો કોરોનાને લીધે ૧૦૧૨૬ લોકોના મૃત્યુ થયા છે.

છેલ્લા ૨૪ કલાકમાં અમદાવાદ શહેરમાં ૧૬૩૭, સુરત શહેરમાં ૬૩૦, વડોદરા શહેરમાં ૧૫૦, રાજકોટ શહેરમાં ૧૪૧, આણંદમાં ૧૧૪, ખેડામાં ૮૪, સુરત ગ્રામ્ય ૬૦, ગાંધીનગર ગ્રામ્ય ૫૯, કચ્છ ૪૮, નવસારી ૪૭, ભરૂચ ૩૯, ભાવનગર શહેર ૩૮, વલસાડ ૩૪, વડોદરા ગ્રામ્ય ૩૧, ગાંધીનગર ૨૬, અમદાવાદ ગ્રામ્ય ૨૩, મોરબી ૨૫, જામનગર શબેર ૧૯, રાજકોટ ગ્રામ્ય ૧૮, દ્વારકા ૧૭, મહેસાણા ૧૩, દાહોદ ૧૨. સાબરકાંઠા ૧૦, જુનાગઢ શહેર ૮, અમરેલી ૭, મહીસાગર ૭, અરવલ્લી ૬, સુરેન્દ્ર નગર ૬, ગીર સોમનાથ ૬, બનાસકાંઠામાં ૨, તાપી બે, બોટાદ અને જામનગર ગ્રામ્યમાં એક-એક કેસ સામે આવ્યા છે. અમરેલીમાં એકનું મોત થયું છે.

કોરોના સાથેરાજ્યમાં ઓમિક્રોનના કેસમાં પણ મોટો વધારો થયો છે. અમદાવાદ શહેરમાં ઓમિક્રોનના ૩૪ કેસ સામે આવ્યા છે. આણંદમાં ૩, ખેડામાં ૪, વડોદરા શહેરમાં ૫, સુરત શહેરમાં ૩, કચ્છમાં એક વ્યક્તિ ઓમિક્રોનથી સંક્રમિત થયો છે. રાજ્યમાં ઓમિક્રોન સંક્રમિતોની સંખ્યા ૨૦૪ પર પહોંચી ગઈ છે. રાજ્યમાં અત્યાર સુધી ૧૧૨ દર્દી ઓમિક્રોનને માત આપી ચુક્યા છે.

ગુજરાતમાં એક્ટિવ કેસની સંખ્યા વધીને ૧૦૯૯૪ થઈ ગઈ છે. જેમાં ૩૨ દર્દી વેન્ટિલેટર પર છે. તો અત્યાર સુધી સારવાર બાદ ૮૧૯૫૨૩ લોકો સાજા થઈ ચુક્યા છે. જ્યારે કોરોનાને લીધે ૧૦૧૨૬ લોકોના મૃત્યુ થયા છે. રાજ્યમાં આજે ૫,૨૬,૧૫૩ રસીના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધી કુલ ૯ કરોડ ૧૩ લાખ ૮ હજાર ૮૩૦ વેક્સીનના ડોઝ આપી દેવામાં આવ્યા છે. જેમાં પ્રથમ અને બીજો ડોઝ સામેલ છે. ગુજરાતના રિકવરી રેટ ૯૭.૪૯ ટકા થઈ ગયો છે.

### રાજ્યમાં ઓમિક્રોનના નવા ૫૦ કેસ નોંધાતા કુલ ૨૦૪

ગાંધીનગર, તા. ૫

રાજ્યમાં આજે ઓમિક્રોનના નવા ૫૦ કેસ નોંધાયા હતા. જેમાં અમદાવાદ મહાનગરપાલિકામાં ૩૪, આણંદમાં ૩, ખેડામાં ૪, વડોદરામાં ૫, સુરતમાં ૩ અને કચ્છમાં ૧ મળીને કુલ ૫૦ કેસ થયા હતા. અત્યાર સુધી રાજ્યમાં કુલ ૨૦૪ કેસ નોંધાયા છે. જેમાં ૧૧૨ને ડિસ્ચાર્જ કરાયા છે.

### ગુજરાતી કલાકારો સંક્રમિત

ગાંધીનગર, તા. ૫

ગુજરાતી કલાકારો વ્યાપક પ્રમાણમાં કોરોના વાઈરસથી સંક્રમિત થયા છે. આજે મિત્ર ગઢવી, હેમાંગ દવે, રોનક કામદાર, દિક્ષા જોષી અને પાર્થ ઓઝા કોરોના વાઈરસથી સંક્રમિત થયા છે.

### પ્રાંતિજ તથા તાલુકામા કોરોનાની એન્ટ્રી

**પ્રાંતિજમાં ૪૪ વર્ષિય પુરૂષનો રીપોર્ટસ કોરોના પોઝિટીવ આવ્યો : પ્રાંતિજના ધડકણમા ૨૯ વર્ષીય મહિલાનો રીપોર્ટસ કોરોના પોઝિટિવ આવ્યો : તલોદના ગોરા આંજણામા ૪૪ વર્ષિય પુરૂષનો રીપોર્ટસ પોઝિટિવ નોંધાયો**

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ અને ધડકણ માં એક-એક કોરોના પોઝિટિવ કેસો નોંધાતા તો તલોદ ના ગોરા આંજણા ખાતે પણ એક કોરો ના પોઝિટીવ કેસ નોંધાતા સ્થાનિક આરોગ્ય તંત્ર દોડતુ થયું. કોરોનાની ત્રીજી લહેર ને લઈ ને પ્રાંતિજ સહિત તાલુકા થઈ બે કેસ નોંધાયા જેમા સાબરકાંઠા જિલ્લામા કોરોના પોઝિટિવ ત્રણ કેસો નોંધાયા હતા જેમાં પ્રાંતિજ વ્હોરવાડ ખાતે ૪૪ વર્ષિય પુરૂષ નો કોરો ના રીપોર્ટસ પોઝિટિવ આવ્યો તો પ્રાંતિજ તાલુકાના ધડકણ ગામે પણ ૨૯ વર્ષિય મહિલા નો કોરોના રીપોર્ટસ પોઝિટિવ આવતા પ્રાંતિજ સ્થાનિક આરોગ્ય વિભાગ દોડતુ થયું હતું તો તલોદ ના ગોરા આંજણા ખાતે પણ ૪૪ વર્ષિય પુરૂષ નો રીપોર્ટસ કોરોના પોઝિટિવ આવ્યો હતો તો જિલ્લામા અત્યાર સુધી મા ૭૧૫૮ કોરોના પોઝિટિવ કેસ નોંધાયા છે અને જિલ્લા મા અત્યાર સુધીમા ૧૫૪ કોરોનાથી મોત થયા છે



એક તરફ વાયબ્રન્ટ સમિટની તૈયારીઓ ચાલી રહી છે તો બીજી તરફ રોડ-રસ્તા તુટી જવા કે પાણીની પાઈપલાઈન તુટી જવી તેવી સમસ્યાઓ સર્જાઈ રહી છે. ખ-રોડ ઉપર પાણીની પાઈપલાઈન તુટી જતાં ઠેર ઠેર પાણી ભરાયુ છે. જેના કારણે કાદવ-કિચડ થઈ રહ્યો છે.

# ગાંધીનગરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા, ઠંડી અદ્રશ્ય

**શહેરમાં ઠંડીનો પારો સતત ત્રણ દિવસથી ૧૬.૪ ડીગ્રીએ : સવારથી જ આકાશમાં વરસાદી વાદળોનો ઘેરાવો : વિચિત્ર મોસમની અસરથી જનજીવન પ્રભાવિત : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધ્યુ : લઘુત્તમ અને મહત્તમ તાપમાન વચ્ચે માત્ર ૧૦ ડીગ્રીનો તફાવત**

ગાંધીનગર તા ૫

ગાંધીનગરમાં ગત મહીનાના અંતિમ દિવસોમાં ઠંડીની મોસમ વધુ આકરી પુરવાર થઈ હતી. લઘુત્તામ તાપમાન રેકર્ડ બ્રેક સ્થિતિએ પહોંચી જતા નગરજનો કાતિલ કોલ્ડવેવમાં ઠુંઠવાયા હતા. આકરી ઠંડીની અસરથી બચવા શહેરીજનો ઘરની બહાર નિકળવાનુ પસંદ કરતા ન હતા પરંતુ નવા વર્ષના પ્રારંભે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. છેલ્લા ત્રણ દિવસથી ઠંડીનો પારો ૧૬ ડીગ્રીની પાર જોવા મળે છે. આજે સવારથી વાતાવરણમાં પણ નાટયાત્મક પલ્ટો જોવા મળ્યો હતો. વાદળિયા વાતાવરણના અંતે સાંજે વરસાદી છાંટણા વરસ્યા હતા. પરંતુ નગરજનોએ આકરી ઠંડીમાં રાહત અનુભવી હતી. આકાશમાં વાદળોના ઘેરાવ વચ્ચે વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધી ગયુ હતુ.

ગાંધીનગરમાં ગત મહીનામાં સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. જેના લીધે લઘુત્તમ તાપમાન ૬.૫ ડીગ્રી પહોંચી ગયુ હતુ. ઠંડીનો પારો સતત ચાર દિવસ સુધી સિંગ્લ ડીઝીટમાં રહેતા નગરજનો કાતિલ ઠંડીમાં ઠુંઠવાયા હતા. જયારે આ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે આકાશી નઝારો બદલાયો હતો. સુસવાટા મારતા પવન સાથે કમોસમી વરસાદના ઝાપટાથી ભરશિયાળે અષાઢી માહોલ જોવા મળ્યો હતો. આ વર્ષે શિયાળાની ઠંડીના દિવસોમાં લઘુત્તમ તાપમાન પણ રેકર્ડ બ્રેક સ્થિતિએ પહોંચી ગયુ હતુ જયારે કોલ્ડવેવની સાથે વાતાવરણમાં સુસવાટા મારતા ઠંડા પવનનુ જોર વધુ રહેતા ઠંડીની મોસમ વધુ આકરી પુરવાર થઈ છે. જો કે છેલ્લા કેટલાક દિવસોથી ઠંડીનુ જોર ઘટી ગયુ છે. લઘુત્તમ તાપમાન સિંગ્લ ડીઝીટમાંથી ૧૬ ડીગ્રીને પાર થઈ ગયુ છે. છેલ્લા ત્રણ દિવસથી સતત ઠંડીનો પારો ૧૬ .૪ ડીગ્રીએ સ્થિત થયેલો છે. જયારે મહત્તમ તાપમાન પણ ૨૭ ડીગ્રીની આસપાસ જોવા મળે છે. જેના લીધે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં માત્ર ૧૧ ડીગ્રીનો તફાવત જ રહ્યો છે. આજે પણ દિવસ દરમિયાન વાદળિયા વાતાવરણ વચ્ચે ઠંડી અદ્રશ્ય થઈ ગઈ હતી. શિયાળાની ઠંડીના દિવસોમાં મોસમનો મિજાજ ફરી એકવાર બદલાયો છે. આકરી ઠંડીએ સૌ કોઈને તોબા કરી દીધા બાદ છેલ્લા ચાર દિવસથી લઘુત્તમ તાપમાન ૧૬.૪ ડીગ્રીએ પહોંચી ગયુ છે. જેના લીધે વાતાવરણમાંથી ઠંડી અદ્રશ્ય થઈ ગઈ છે. આજે સવારથી જ વાતાવરણ વાદળિયુ જોવા મળ્યુ હતુ. સવારથી આકાશમાં વાદળોનો ઘેરાવો જોવા મળ્યો હતો. જયારે દિવસ દરમિયાન વાદળિયા વાતાવારણ વચ્ચે નગરજનોએ હળવી ગરમીનો પણ અહેસાસ કર્યો હતો. વાદળિયા વાતાવરણની સાથે ઠંડીનુ જોર ઘટયુ છે. પરંતુ સવારે અને સાંજે ભેજનુ પ્રમાણ વધ્યુ છે. વાદળોના ઘેરાવ વચ્ચે સવારે ભેજ ૮૬ ટકા અને સાંજે ૭૯ ટકા રહ્યો હતો. જયારે દિવસના વાદળિયા વાતાવરણના અંતે મોડી સાંજે વરસાદી છાંટણા વરસતા વાતાવરણમાં ભીંજારો પ્રવર્તયો હતો. થોડા દિવસો અગાઉ પણ વાદળિયા વાતાવરણ વચ્ચે મોડીરાત્રે ધોધમાર વરસાદી ઝાપટાથી સેકટરોમાં ઠેર ઠેર પાણીના ખાબોચિયા ઉભરાયા હતા. ઠંડીના દિવસોમાં વારંવાર મોસમમાં નાટયાત્મક પલ્ટો આવતા નગરજનો મોસમની વિચિત્ર અસરથી પ્રભાવિત છે.



# ફાયર વિભાગને વર્ષ ૨૦૨૧માં આગના ૨૨૧ કોલ મળ્યા

ગાંધીનગર, તા.૫

ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસને તા.૧.૧.૨૧ થી તા.૩૧.૧૨.૨૧ સુધી ફાયરના ૨૨૧ કોલ મળ્યા હતા. જેમાં શહેરી વિસ્તારમાં ૧૬૭ કોલ મળ્યા હતા. જેમાં સૌથી વધુ માર્ચમાં ૩૭ અને એપ્રિલમાં ૩૫ કોલ મળ્યા હતા.

તો બીજીતરફ જુલાઈ અને સપ્ટેમ્બરમાં માત્ર ૭-૭ કોલ ફાયર વિભાગને મળ્યા હતા. જયારે જિલ્લામાં ૪૦ કોલ ફાયર વિભાગને મળ્યા હતા તેમાં સૌથી વધુ ફેબ્રુઆરીમાં ૭ કોલ તો ડિસેમ્બરમાં એક પણ કોલ ફાયરનો મળ્યો ન હતો. જયારે ૧૪ મોકડ્રીલનો કોલનો સમાવેશ થાય છે. વર્ષ ૨૦૧૨૧ દરમિયાન શહેર-જિલ્લામાં ફાયરના કોલ પર નજર કરીએ તો જાન્યુઆરીમાં ૧૨, ફેબ્રુઆરીમાં ૧૭, માર્ચમાં ૪૩, એપ્રિલમાં ૪૧, મે માં ૧૪, જુનમાં ૧૩, જુલાઈમાં ૯, ઓગસ્ટમાં ૧૨, સપ્ટેમ્બર અને ઓકટોબરમાં ૧૩, નવેમ્બરમાં ૨૦ તેમજ ડિસેમ્બરમાં ૧૪ કોલ મળ્યા હતા. ફાયર વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૧ દરમિયાન કુલ-૭૭૦ બંદોબસ્ત કરવામાં આવ્યા છે. જેમાં શહેરમાં ૫૨૯, જિલ્લામાં ૭૨, હેલીપેડમાં ૧૪૬, અને વિધાનસભા ખાતે ૨૩ બંદોબસ્ત કરવામાં આવ્યા છે. જેમાં જાન્યુઆરીમાં ૮૩, ફેબ્રુઆરીમાં ૩૩, માર્ચમાં ૫૩, એપ્રિલમાં ૧૪, મેમાં ૨૪, જુનમાં ૩૪, જુલાઈમાં ૪૦, ઓગસ્ટમાં ૯૯, નવેમ્બરમાં ૭૯, ઓકટોબરમા ૮૪, નવેમ્બરમાં ૧૧૨, અને ડિસેમ્બરમાં ૧૧૫ બંદોબસ્ત કરવામાં આવ્યા હતા.

### ૫૯ કેસ...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં વધતા જતા કેસોને પગલે માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન પણ વધી જવા પામ્યા છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં ૪૦૦થી વધુ લોકો સંપર્કમાં આવ્યા હોવાથી તંત્રએ આ બધાને ક્વોરોન્ટાઈન કરી દીધા છે.

કોરોનાના કેસોની વધેલી ગતિને ધ્યાને રાખી લોકોને સાવધ રહેવા તેમજ કોરોના ગાઈડલાઈનનું ચુસ્તતાથી પાલન કરવા માટે તંત્રએ તાકીદ કરી છે. શહેરમાં વધી રહેલા કોરોનાના કહેરથી તંત્ર અને લોકો હતપ્રભ બન્યા છે. શહેરમાં કોરોનાના કેસો વધતા જોઈ કમિશનરશ્રીએ પણ આજે મનપાના આરોગ્યતંત્ર સાથે ખાસ સમીક્ષા બેઠક યોજી હતી. શહેરમાં આજે નોંધાયેલા કેસો સાથે ૧૫૫ એક્ટીવ કેસ હાલ સારવાર હેઠળ છે. જ્યારે ૨ હજારથી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે. શહેરમાં હાલ ૭૩ કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવેલ છે.

હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ મોટાભાગના દર્દીઓ હોવાથી તંત્રએ હોમ આઈસોલેશન તેમજ ક્વોરોન્ટાઈનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ જારી કરી છે. શહેરમાં ધન્વન્તરી રથ તેમજ તબીબોની ટીમો પણ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની રોજેરોજ વીઝીટ કરી રહેલ છે. સઘન સર્વેલન્સ માટેની સૂચનાઓ પણ જારી કરવામાં આવી છે.

### ૨૬ કેસ

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શહેરમાં ૧૧ કેસ નોંધાયા છે તો બોરીસણામાં ૩, રકનપુરમાં ૨ અને સઈજમાં એક કેસ નોંધાયેલ છે. કલોલ અર્બન-૨ ના વિસ્તારમાં ૧૦ કેસ નોંધાયા છે તો અર્બન-૧માં એક કેસ નોંધાયો છે. બોરીસણમાં ૭ વર્ષની દિકરી સહિત બે મહિલાના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

રકનપુરમાં એક ૨૦ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સઈજમાં ૩૭ વર્ષીય મહિલા અને ૧૩ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

માણસા તાલુકામાં આંજે બે કેસ નોંધાયા છે. આ બન્ને કેસ કર્મયોગીના છે. માણસા અર્બનમાંથી ૫૯ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તો તાલુકાના ગલથરા ગામેથી બેંકમાં નોકરી કરતા ૨૧ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાના કેસો વધતાં તંત્ર પણ દોડધામમાં વ્યસ્ત બન્યુ છે એટલુ જ નહિ દર્દીઓના સંપર્કમાં આવેલ વ્યક્તીઓની યાદી બનાવવામાં કામે લાગ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૧ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે જ્યારે ૧૭૫૫ થી વધુ લોકોને ક્વોરોન્ટાઈન કરવામાં આવ્યા છે.

### મતદારો વધ્યા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

માણસામાં ૧,૧૯,૨૮૮ પુરૂષ અને ૧,૧૧,૫૪૭ મહિલા તેમજ ૮ અન્ય જાતિના મળી ૨,૩૦,૮૪૩ મતદારો નોંધાયા છે. કલોલમાં ૧,૨૮,૧૩૫ પુરૂષ અને ૧,૨૦,૭૧૦ મહિલા તેમજ ૨ અન્ય જાતિના મળી કુલ ૨,૪૮,૮૪૭ મતદારો નોંધાયા છે. દહેગામમાં ૧,૧૧,૮૧૧ પુરૂષ અને ૧,૦૭,૯૧૧ મહિલા તેમજ ૧૩ અન્ય જાતિના મળી ૨,૧૯,૭૩૫ મતદારો નોંધાયેલા છે. વિધાનસભાની ચૂંટણી આ વર્ષના અંતે યોજાવાની છે ત્યારે આ યાદી મહત્વની બનશે.



ગ્રામ પંચાયતની ચૂંટણીમાં સભ્ય તરીકે વિજયી બનેલા કિશોરભાઈ શંકરભાઈ પરમારનું બાકરોલ ગામ પરિવાર ગૃપના સભ્યો તથા બાકરોલ (બુજરંગ) ખાતે રહેતા મિત્રો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું અને તેઓ ખૂબ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવા માં આવી હતી.

### રાષ્ટ્રીય ચિંતા

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

હતું કે તેઓ રોડ માર્ગે નેશનલ મેરીટોરીયસ મેમોરિયલની મુલાકાત લેશે, જેમાં ૨ કલાકથી વધુ સમય લાગશે.

નિવેદન અનુસાર, ડીજીપી પંજાબ પોલીસ દ્વારા જરૂરી સુરક્ષા વ્યવસ્થાની પુષ્ટિ કર્યા પછી, તેઓ રોડ માર્ગે મુસાફરી કરવા માટે આગળ વધ્યા હતા. હુસૈનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારકથી લગભગ ૩૦ કિમી દૂર, જ્યારે પીએમનો કાફલો ફ્લાયઓવર પર પહોંચ્યો, ત્યારે જાણવા મળ્યું કે કેટલાક વિરોધીઓએ રસ્તો રોકી દીધો હતો. આ પછી પીએમ મોદી ૧૫-૨૦ મિનિટ સુધી ફ્લાયઓવર પર અટવાયા હતા. પીએમની સુરક્ષામાં આ એક મોટી ખામી હતી. ગૃહ મંત્રાલયે કહ્યું, પંજાબ સરકારને પ્રધાનમંત્રીના સમયપત્રક અને પ્રવાસની યોજનાઓ વિશે પહેલાથી જ જાણ કરવામાં આવી હતી. પ્રક્રિયા મુજબ, તેઓએ સુરક્ષા માટે જરૂરી વ્યવસ્થા કરવાની સાથે સાથે આકસ્મિક યોજના તૈયાર રાખવાની રહેશે. ઉપરાંત, આકસ્મિક યોજનાને ધ્યાનમાં રાખીને, પંજાબ સરકારે રસ્તા દ્વારા કોઈપણ હિલચાલને સુરક્ષિત કરવા માટે વધારાની સુરક્ષા તૈનાત કરવી પડશે, જે સ્પષ્ટપણે તૈનાત કરવામાં આવી ન હતી. આ સુરક્ષા ક્ષતિ પછી ભટિંડા એરપોર્ટ પર પાછા ફરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. સુરક્ષામાં આ ગંભીર ક્ષતિની નોંધ લેતા ગૃહ મંત્રાલયે રાજ્ય સરકાર પાસેથી વિગતવાર અહેવાલ માંગ્યો છે. રાજ્ય સરકારને પણ આ ક્ષતિની જવાબદારી નક્કી કરવા અને કડક પગલાં લેવા માટે કહેવામાં આવ્યું છે.

પીએમ મોદીનો કાફલો ૧૫-૨૦ મિનિટ સુધી ફસાયેલો રહ્યા બાદ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાએ પોલીસ પર પ્રદર્શનકારીઓ સાથે મિલીભગત કરવાનો આરોપ લગાવ્યો છે. તેમણે કહ્યું, 'પંજાબ માટે હજારો કરોડના વિકાસ પ્રોજેક્ટ્સ શરૂ કરવા જઈ રહેલા પીએમ મોદીની મુલાકાતમાં વિક્ષેપ પડ્યો તે દુઃખદ છે. રાજ્ય પોલીસને લોકોને રેલીમાં સામેલ થતાં અટકાવવાની સૂચના આપવામાં આવી હતી. મુખ્યમંત્રી ચન્નીએ ફોન પર વાત કરવાનો કે ઉકેલ લાવવાની ના પાડી દીધી.

### પરત ફર્યો

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

કોણ એ નક્કી કરવા માટે અને સખત કાર્યવાહી કરવા માટે કહ્યું છે. જે સમયે આ ઘટના થઈ એ સમયે પીએમ મોદી ભટિંડાથી હુસેનીવાલામાં રાષ્ટ્રીય શહીદ સ્મારક તરફ જઈ રહ્યા હતા.

ફિરોઝપુરમાં કાર્યક્રમ સ્થળ પર કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું કે, પીએમ મોદી તમને સૌને મળવા માગતા હતા પરંતુ કોઈ કારણોસર તેઓ આજે તમારી વચ્ચે હાજર રહી શક્યા નહીં. પીએમ મોદીની ઈચ્છા તો ખૂબ જ હતી તેમને મળે. તેઓએ કહ્યું કે, કાર્યક્રમ રદ કરવામાં આવ્યો નથી પરંતુ તેને સ્થગિત કરવામાં આવ્યો છે.

પીએમ મોદી બે વર્ષ બાદ આજે પંજાબ પહોંચ્યા હતા. વિવાદાસ્પદ કૃષિ કાયદાઓ રદ કર્યા બાદ આજે તેઓની રાજ્યમાં પહેલી મુલાકાત હતી. આ કાયદોઓને લઈને ખેડૂતોએ લગભગ એક વર્ષ સુધી દિલ્હીની સીમાઓ પર વિરોધ પ્રદર્શન કર્યુ હતુ. મહત્વનું છે કે, વડાપ્રધાન મોદી ફિરોઝપુરમાં કેટલીક વિકાસ પરિયોજનાઓનો પાયો નાખવાના હતા.

### વાયબ્રન્ટ પછી

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

તબીબો માને છે કે આ ઉત્સવોના કારણે ગુજરાત ફરી એકવાર કોરોના કેસોના ભરડામાં આવી શકે છે. રોકેટ ગતિએ કેસો વધવાની દહેશત છે. બીજી તરફ ૧૪મી જાન્યુઆરીની રાહ લોકો જોઈ રહ્યાં છે પરંતુ વેપારીઓએ પતંગ અને દોરીના ભાવમાં ૨૫ ટકાનો વધારો ઝિંકી દીધો છે. ભાવવધારા અને કોરોનાના કારણે આ વખતે ઉત્તરાયણનો તહેવાર ફિક્કો પડવાની સંભાવના છે.

પેટ્રોલ અને ડીઝલના ભાવવધારાના કારણે મોંઘવારી વધી છે અને તેના કારણે આ વખતે માર્કેટમાં નવા નવા પ્રકારની પંતગો જોવા મળી રહી નથી. હોલસેલમાં પતંગોના ભાવમાં ૨૫ટકા જેટલો વધારો જોવા મળ્યો છે. વાયબ્રન્ટ સમિટ પછી જો કોરોનાના કેસો વધુ માત્રામાં આવશે તો સરકાર આ તહેવાર પર કેટલાક નિયંત્રણો મૂકવાની ફિરાકમાં છે.

પતંગ-દોરીનું વેચાણ કરતા એક વેપારીએ કહ્યું હતું કે સરકારને રાજકીય રેલીઓ, સરકારી સમારંભો અને પોલિટીકલ ઉત્સવોમાં કોરોના નડતો નથી પરંતુ સામાન્ય લોકોને હેરાન કરવા તહેવારો પર પ્રતિબંધ મૂકી દેવામાં આવે છે. છેલ્લા ત્રણ વર્ષથી ગુજરાતની જનતા ખુશીથી કોઈ તહેવાર મનાવી શકતી નથી. કોરોનાના કેસો વધશે અને જો લોકડાઉન આવ્યું તો અમારા ધંધા-રોજગાર ચોપટ થઈ જશે. અમે માલનો ભરાવો પણ કરી શકતા નથી, કેમ કે જો નિયંત્રણો આવશે તો લોકો ખરીદી કરતાં ખચકાટ અનુભવશે.

### સસ્પેન્ડ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

માનસિકતાને પંજાબની તરક્કીમાં બાધક નહીં બનવા દે અને પંજાબના વિકાસ માટે પ્રયાસ જારી રાખશે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે આગળ કહ્યુ, પંજાબના મુખ્યમંત્રી ચન્નીએ ફોન પર વાત કરવા અથવા આ મામલે સમાધાન કરવાથી ઈનકાર કરી દીધો. પંજાબ, સરકાર દ્વારા ઉપયોગ કરનારી રણનીતિ, લોકતાંત્રિક સિદ્ધાંતોમાં વિશ્વાસ રાખનારી કોઈ પણ વ્યક્તિને કષ્ટ પહોંચાડશે અને તેમને વ્યથિત કરશે. તેમણે કહ્યુ કે પ્રદર્શનકારીઓને વડાપ્રધાન જી ના રસ્તામાં જવા દીધા અને તેમની સુરક્ષાથી સમાધાન કરવામાં આવ્યુ જ્યારે પંજાબના મુખ્ય સચિવ અને ડીજીપીએ એસપીજીને આશ્વાસન આપ્યુ હતુ કે રસ્તા પૂરી રીતે સ્પષ્ટ છે.

**ટચૂકડી જાહેર ખબર**

**નામ બદલેલ છે**

**જુનું નામ :** નીરવ ગૌતમભાઈ બારોટ - Nirav Gautambhai Barot

**નવુ નામ :** નીરવકુમાર ગૌતમકુમાર બ્રહ્મભટ્ટ - Niravkumar Gautamkumar Brahmbhatt

**જિલ્લા જળ અને સ્વચ્છતા એકમ, હિંમતનગર**

**જાહેર નિવિદા નંબર -૧૫ સને ૨૦૨૧-૨૨**

યુનિટ મેનેજરશ્રી જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, ત્રીજો માળ, જલ ભવન, નવા સર્કીટ હાઉસ પાસે, બાયપાસ રોડ, હિંમતનગર દ્વારા એજન્સીઓ પાસેથી સાબરકાંઠા જીલ્લાની પાણી સમિતિની લોકભાગીદારીથી હાથ ધરવાની થતી યોજનાઓમાં ભૂગર્ભ સંપ, પી.વી.સી. પાઈપ ખરીદી અને મજૂરી કામ, ઘરજોડાણ, પંપીંગ મશીનરીના કામોના ટેન્ડર 'ઈ ટેન્ડરીંગ પદ્ધતિથી માંગવામાં આવે છે. જેના ટેન્ડર આઈ. નં. - ૪૯૯૫૩૦ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૩૧ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૩૩ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૩૪ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૩૯ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૪૩ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૪૭ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૪૯ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૫૭ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૬૦ (બીજો પ્રયત્ન), ૪૯૯૫૬૩ (બીજો પ્રયત્ન), ભાવો ભરવાની છેલ્લી તા. ૧૫/૧/૨૦૨૨, ૧૮.૦૦ કલાક સુધી છે તેમજ ટેન્ડરના ફીઝીકલ દસ્તાવેજો તા. ૧૭/૧/૨૦૨૨ ને સમય : ૧૫.૦૦ કલાક સુધી આર.પી.એ.ડી. / સ્પીડ પોસ્ટ / કુરીયર કચેરીમાં પહોંચાડવાના રહેશે. આ કામોની અંદાજીત કિંમત ૨૧.૦૧ થી ૧૫૩.૭૧ લાખ સુધીના છે. ઉક્ત કામો માટે ઈ-ટેન્ડરીંગ પદ્ધતિથી ટેન્ડર માંગવામાં આવે છે. એક અથવા તમામ ટેન્ડરો કોઈપણ કારણ આપ્યા સિવાય રદ કરવાનો અબાધિત અધિકાર સંબંધિત ગામની પાણી સમિતિને રહેશે. ટેન્ડર અંગેની વધુ માહિતી http//www.wasmo.nprocure.com ઉપર મુકવામાં આવેલ છે. વિસ્તૃત વિગતો માટે કચેરી સમય દરમિયાન યુનિટ મેનેજરશ્રી, જીલ્લા જળ અને સ્વચ્છતા એકમ, બાયપાસ રોડ, હિંમતનગર મો. ૮૧૪૧૩૦૬૧૧૫ પાસેથી મેળવી શકાશે. હવે પછીના જો સુધારા હશે તો વેબસાઈટ ઉપર જોવા મળશે.

**ગ્રામ્ય વિસ્તારના પાણીને લગતા કોઈપણ પ્રશ્નો કે સમસ્યા માટે પાણી પુરવઠા બોર્ડની ટોલ ફ્રી હેલ્પલાઈન નં. ૧૯૧૬નો સંપર્ક કરવો.**

નામાનિ/હિંમત/૪૯૯/૨૦૨૨